**<u>ક્રીમીનલ કેસ નં.૩૨૪૮૭/૨૦૨૫</u>**

**-:: આંક-૧ લગત હુકમ ::-**

આ કામે આરોપી સામે ત.ક અમલદારે બી.એન.એસ કલમ-૨૮૧, એમ. વી. એકટની કલમ-૧૮૪ મુજબનો ચાર્જશીટ રજુ કરેલ છે.

મજકુર કામે આજરોજ આરોપીને હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓએ રજુઆત કરેલ છે કે તેઓ પોતે ગરીબ વર્ગના છે અને કુટુંબ ની જવાબદાર તેમના શીરે છે, કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે.તેનો પસ્તાવો વ્યકત કરે છે. અને ભવિષ્યમાં આવા કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે.આરોપીનુ નીવેદન લેતા તેની કબુલાત સ્વૈછીક હોવાનુ તથા તેને કોઈ લાલચ કે પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનુ જણાઈ આવે છે આરોપીને ગુનાની સજાની જોગવાઈઓ બાબતે માહીતગા કરવામાં આવેલ હોવા છતાં પોતે સ્વૈછીક કબુલાત કરતો હોવાનુ જણાઈ આવતુ હોય હાલની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે.આરોપીની રજુઆત તેની સામાજસક અને આર્થીક સ્થિતી અને જે સંજોગોમા ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતે ધ્યાને લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય હોવાનુ જણાય છે અને નામદારા ગુજરાત હાઈકોર્ટ દવારા આપવામાં આવેલ ૨૦૦૫ (૧)જી.એલ.આર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરીચન્દ્ર ઠાકોર ના પ્રકાશસત થયેલ છે તે ધ્યાને લેતા આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીની કબુલાતને ધ્યાને લઈ ક્રિ.પો.કોડ ની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>હુકમ</u>**

આ કામના આરોપીને ક્રિં.પો.કો.કલમ.૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી બી.એન.એસની કલમ-૨૮૧, એમ. વી. એકટની કલમ- ૧૮૪ મુજબના ગુનામાં પ્રત્યેક આરોપી દીઠ રૂા.૫૦૦/- અંકે રૂપીયા પાંચસો પુરા દંડ કરવાનો અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ દિન-૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ. તા.૧૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫ નાં રોજની લોક અદાલતમાં જાહેર કર્યો

તા.૧૩/૦૯/૨૦૨૫

(સી. આર. પટેલ )
ત્રીજા એડી.ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ
અમદાવાદ